તારીખ:૧-૧-૨૦૧૬ પહેલાં નિવૃત્ત થયેલા કર્મચારી/અધિકારીઓના કામચલાઉ પેન્શનમાં સાતમા પગારપંચ મુજબ સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર.

નાણા વિભાગ

ઠરાવ ક્રમાંક: પશન-૧૦૨૦૦૯-૪૮૭-પી.

તારીખ:૩૧/૭/૨૦૧૭

વંચાણે લીધા:

(૧) નાણાં વિભાગનો ઠરાવ ક્રમાંક:પગર/૧૦૦૯/૧/પ.એ., તા.૧-૬-૦૯ અને સમાન ક્રમાંકનો તા.૧૦/૬/૦૯નો સુધારા ઠરાવ.

(૨) નાણાં વિભાગનો ઠરાવ ક્રમાંક:પગર-૧૦૨૦૧૬-૬-પે સેલ,તા.૧૫-૧૦-૨૦૧૬

આમુખ:

રાજ્ય સરકારે તારીખ:૧૫-૧૦-૨૦૧૬ના નાણા વિભાગના સરકારી ઠરાવ ક્રમાંક પગર-૧૦૨૦૧૬-૬-પે-સેલથી તારીખ-૧/૧/૨૦૧૬પહેલા નિવૃત્ત થયેલા કર્મચારી/અધિકારીઓના પેન્શન સુધારણા અંગેના આદેશો પ્રસિધ્ધ કર્યા છે. આ ઠરાવમાં તા.૧/૧/૨૦૧૬ પહેલાંના કામચલાઉ પેન્શન મંજૂર કરવામાં આવેલ છે તેવા પેન્શનરો માટે સાતમા પગાર પંચ મુજબ પેન્શન રીવાઈઝ કરવા અંગે કોઈ ચોકકસ સ્પષ્ટતા ન હોવાથી તેમજ કર્મચારી મંડળો તથા કામચલાઉ પેન્શન મેળવતા અધિકારીઓ/કર્મચારીઓની સાતમા પગારપંચ મુજબ કામચલાઉ પેન્શન રીવાઈઝ કરવાની રજૂઆતો મળતા આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આથી કાળજીપૂર્વકની વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે:-

ઠરાવ

(૧) તા.૧/૧/૨૦૧૬ પહેલાં નિવૃત થયેલા કર્મચારી/અધિકારીઓ કે જેમને કામચલાઉ પેન્શન મંજૂર કરવામાં આવેલ છે તેમના કિસ્સામાં પણ સંદર્ભિત તારીખ:૧૫/૧૦/૨૦૧૬ના ઠરાવ અને તે અન્વયે વખતો વખત નક્કી થયેલ જોગવાઈઓ મુજબ પેન્શન રીવાઈઝ કરવાનું રહેશે.

(૨) નિવૃત્ત કર્મચારી/અધિકારીઓ કે જેમને કામચલાઉ પેન્શન જે સત્તાધિકારી દ્વારા મંજૂર કરવામાં આવેલ હોય તે જ સત્તાધિકારીએ રીવીઝન ઓફ પેન્શન અંગેના વહીવટી આદેશો કરવાના રહેશે.

(૩) જે અધિકારીઓ/કર્મચારીઓ તા.૧/૧/૨૦૧૩ પહેલાં નિવૃત્ત થયા છે અને જેમની સામે ખાતાકીય તપાસ પડતર છે/ કામચલાઉ પેન્શન મેળવે છે તેવા કર્મચારી/અધિકારીઓના કિસ્સામાં સંબધિત સક્ષમ અધિકારીએ રીવીઝન ઓફ પેન્શનના આદેશો કરતા પહેલાં નીચે મુજબનું પ્રમાણપત્ર આપવાનું રહેશે. તા.૧/૧/૨૦૧૩ થી તા.૩૧/૧૨/૨૦૧૫ સુધીમાં નિવૃત્ત થયેલા અને કામચલાઉ પેન્શન મેળવતા કર્મચારી/અધિકારીઓના કિસ્સામાં આ પ્રમાણપત્ર જરૂર રહેશે નહીં.

પ્રમાણપત્ર

આથી પ્રમાણ પત્ર આપવામાં આવે છે કે, શ્રી/શ્રીમતી.............................................................. આ વિભાગ ખાતા હેઠળની કચેરીમાં ......................જગ્યા પર તારીખ:............. સુધી ફરજ બજાવતા હતા.

(૨) તેમની સામે નિવૃત્તિની તારીખે ખાતાકીય તપાસ/ અદાલતી કાર્યવાહી પડતર હોવાના કારણે આ વિભાગ/ ખાતાના તારીખ:............ના હુકમ ક્રમાંક:..............................અન્વયે ૧૦૦% કામચલાઉ પેન્શન મંજૂર કરવામાં આવેલ છે.

(૩) શ્રી/શ્રીમતી.................................... સામે ઉપર મુજબની ખાતાકીય તપાસ આજની તારીખે ચાલુ છે.

(૪) શ્રી/શ્રીમતી..................................... તારીખ:૧/૧/૨૦૧૩ પહેલાં નિવૃત થયેલા છે. અને હાલ તેમની સામેની ખાતાકીય તપાસ/અદાલતમાં ચાલતા કેસની કાર્યવાહી હજુ સુધી પુરી ન થવા માટે તેમના પક્ષે કોઈ ક્ષતિ નથી.

(૫) શ્રી/શ્રીમતી..................................... સામેની ખાતાકીય તપાસ/અદાલતમાં ચાલતા કેસની કાર્યવાહી ઝડપથી પુરી થાય તે માટે વિભાગ/ખાતાના વડાએ સઘન પ્રયત્નો કર્યા છે. પરંતુ ખાતાકીય તપાસ અધિકારી પાસેથી અહેવાલ નહીં મળવાના કારણે/ખાતાકીય તપાસ અધિકારી પાસેથી..................તારીખે અહેવાલ મળેલ છે પરંતુ આખરી નિર્ણય થયેલ નથી. ચાર્જશીટ તારીખ:..................ના રોજ આપ્યા બાદ પાછળથી ચાર્જશીટમાં સુધારો થવાના કારણે/અદાલતી કાર્યવાહીના સાક્ષીઓ વિદેશ જતા રહેવાના કારણે શ્રી/ શ્રીમતી................................................... સામેની ખાતાકીય તપાસ/અદાલતી કાર્યવાહીમાં વિલંબ થઈ રહયો છે.

(૬) આજ દિન સુધી ખાતાકીય તપાસ પુરી ન થવા માટે કે તપાસ અહેવાલ ઉપર આખરી નિર્ણય ન લેવાવા માટે વિભાગ/કચેરીમાં વ્યકિતગત રીતે કોઈની જવાબદારી થતી નથી.

વિભાગના વડા/ખાતાના વડાની
સહી-સિકકો

૨. ઉકત પ્રમાણપત્ર રીવીઝન ઓફ પેન્શનનાઆદેશો સાથે સંબંધિત પેન્શન ચુકવણા કચેરી / તિજોરી કચેરીને મોકલી આપવાનું રહેશે. તેમજ તેની એક નકલ નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ / સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગરને મોકલવાની રહેશે. જેના આધારે પેન્શન ચુકવણા કચેરી/તિજોરી/પેટા તિજોરી કચેરીએ રીવાઈઝડ પ્રોવિઝનલ પેન્શન પેમેન્ટ ઓર્ડર્સ કરવાના રહેશે.

૩. આ હુકમો કામચલાઉ કુટુંબ પેન્શન મેળવતા કર્મચારી/અધિકારીના કિસ્સામાં પણ લાગુ પડશે.

૪. કામચલાઉ પેન્શન મંજૂર કરવા અંગેની અન્ય શરતો/જોગવાઈઓ યથાવત રહે છે. આ ઠરાવનો અમલ ઓકટોરબર પેઈડ ઈન નવેમ્બર-૨૦૧૬ થી કરવાનો રહેશે અને તે મુજબ સાતમા પગારપંચ મુજબ કામચલાઉ પેન્શન/કુટુંબ પેન્શનની ચુકવણી કરવાની રહેશે. જેના તફાવતની

રકમના ચૂકવણા માટે નાણા વિભાગના વંચાણે લીધેલ ક્રમ:૨ મા દર્શાવેલ ઠરાવ અને તે અન્વયે વખતો વખત નક્કી થયેલ જોગવાઈઓ અનુસારની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(કે.કે.પટેલ)
નાયબ સચિવ(પે&તિ)

માન.રાજયપાલશ્રીના અંગત સચિવશ્રી.રાજભવન.ગાંધીનગર

માન.મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧.ગાંધીનગર.

માન.રા.ક.મંત્રીશ્રી.(નાણાં) ના અંગત સચિવશ્રી.સ્વર્ણિમ સંકુલ-૨. ગાંધીનગર.

માન.મંત્રીશ્રીઓ/રા.ક.મંત્રીશ્રીઓ/નાયબ મંત્રીશ્રીઓ તથા સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ

માન.વિરોધપક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.

- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા.સચિવાલય.ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટસોલા.અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત રાજય તકેદારી આયોગ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત જાહેરસેવા આયોગ, અમદાવાદ.
- અધ્યક્ષશ્રી, ગુજરાત મુલ્કીસેવા ટ્રીબ્યુનલ.ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

સચિવાલયના સર્વે વિભાગો/તમામ ખાતાના વડાઓ/તમામ કચેરીઓના વડાઓ.

સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.સર્વે નિગમ, બોર્ડ, યુનિવર્સિટીઓ/રાજય સરકારના જાહેર સાહસો.

એકાઉટન્ટ જનરલશ્રી(એએન્ડઈ) ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.

નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, સ.સ.ન.નિગમ લી.,ગાંધીનગર/ વડોદરા.

નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, લેખાનુભવન.ગાંધીનગર.

નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટફંડની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.

નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર.

સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/પેટા તિજોરી અધિકારીશ્રીઓ.

પેન્શન ચૂકવણા અધિકારી, લાલ દરવાજા, અમદાવાદ.

સર્વે જિલ્લા સહાયક નિરિક્ષકશ્રી.

નાણા વિભાગની તમામ શાખાઓ/સર્વે અધિકારીશ્રીઓ.

સીસ્ટમ મેનેજર, (TCS)નાણા વિભાગ, વેબસાઈટ ઉપર મૂકવા સારૂં

સિલેકટ ફાઈલ

- પત્ર દ્વારા.